## ઈ-મેઇલ મેસેજ


<u>પ્રતિ</u> :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )

<u>જાણ</u> :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર

(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર (gswan-conn@gujarat.gov.in)

(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ

<u>પ્રેષક</u> :- પોલીસ અધિક્ષક, પોરબંદર.


**<u>નંબર</u>** :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/૨૮૯/૨૦૨૩, તા.૦૭/૦૮/૨૦૨૩

**<u>વિગત</u>** :-

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં. આઇટી/ ૧૦૨૦૧૧/૩૦/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૩૧/૦૭/૨૦૨૩ થી તા.૦૬/૦૮/૨૦૨૩** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

### મુદ્દા નંબર-૨:-શાળા, કોલેજ માં ચર્ચા/ડીબેટ અથવાતો અવેરનેશ પ્રોગ્રામ ચલાવવામાં આવ્યા હોય:-

(૧) કમલાબાગ પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા તા.૦૧/૦૮/૨૦૨૩ ના ક.૧૬/૦૦ થી ક.૧૭/૦૦ સુધી ગોઢાણીયા કોલેજની વિદ્યાર્થિનીઓને સાયબર ફ્રોડ વિશે માહીતગાર કરવામા આવેલ.

(૨) ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા તા.૦૨/૦૮/૨૦૨૩ ના રોજ જવાહર નવોદય વિદ્યાલયમાં અભ્યાસ કરતા SPC ના બાળકોને પરેડ તથા જુદી-જુદી કવાયતો કરાવવામાં આવેલ.

### મુદ્દા નંબર ૪:- ગુન્હાઓ અટકાવવા કોઇ વિશિષ્ટ કામગીરી/સ્ટ્રેટજી આપવામાં આવેલ હોય અને સફળતા મળેલ હોય:-

(૧) કમલાબાગ પોલીસ સ્ટેશનના PI વી.પી.પરમાર નાઓના માર્ગદર્શન હેઠળ ડીસ્ટાફ PSI એમ.એલ.આહીર તથા પોલીસ સ્ટાફ દ્વારા જુનાગઢ એસ ટી બસ સ્ટેશન ખાતે તે જગ્યા પર ટેકનિકલ સોર્સના આધારે આરોપી સુરેશ હરજીવનભાઇ માખેચા ઉ.વ.૬૩ ધંધો-નિવૃત રહે, રાવલીયા પ્લોટ રાયઠઠા ક્લાસીસની સામે પોરબંદર વાળાઓને શોધી કાઢેલ તા.૩૧/૦૭/૨૦૨૩ રોજ ક.૨૨/૧૫ વાગ્યે ધોરણસર અટક કરેલ છે.

(૨) કીર્તીમંદીર પોલીસ સ્ટેશનના ગુમ/અપહરણ થયેલા બાળકો/સ્ત્રીઓને શોધી કાઢવા સુચના અંગે ઉપરી અધિ.શ્રી તરફથી સુચના હોય જે અન્વયે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી સી.વી.નાયક સાહેબનાઓ દ્વારા કીર્તિમંદિર સર્વેલન્સ સ્કોર્ડના પો.સબ.ઇન્સ.શ્રી આર.કે.કાંબરીયા તથા સર્વેલન્સ સ્ટાફના માણસે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન PC વિશાલભાઈ વિંઝુડાને ખાનગી રાહે બાતમી હકિકત મળેલ કે, એક બાળક કે જે બોલી શકતો નથી જે કીર્તિમંદિર પો.સ્ટે. વિસ્તારમાં બે ત્રણ દિવસથી રખડતો ભટકતો રહે છે અને હાલ કુંભારવાડા વિસ્તારમાં એક પાનની દુકાન પાસે ઉભેલ છે. જે મળેલ હકિકતના આધારે સત્વરે પોહચી જઈ તપાસ કરતા એક બાળક ત્યાં હાજર મળી આવેલ જેનું નામ ઠામ પુછતા પોતે બોલી શકતો ન હોય જેથી તેને પોલીસ સ્ટેશન ખાતે લાવી પોતાની પાસેથી મળી આવેલ ઓળખ કાર્ડ મારફતે નામ મેળવી તપાસ કરતા તેનુ નામ કલીમ રહીમ શેખ ઉ.વ.૧૭ રહે. રૂમ નં.૬૧૯ શેરી નં.૧૦ ગેટ નં.૮ શાંતીનગર અંબોજવાળી મુસ્તફા રજા મસ્જીદની બાજુમાં માલવાણી માલણ વેસ્ટ ખારોડી મુંબઈ હોવાનું જણાતા ICGS પોર્ટલ મારફતે તપાસ કરતા મહારાષ્ટ્ર રાજ્યના મુંબઈ શહેરના માલવણી પો.સ્ટે. ખાતે

ગુ.ર.નં.૦૯૪૭/૨૦૨૩ આઈ.પી.સી.૩૬૩ મુજબનો ગુનો નોંધાયેલ હોય હોય જેથી મુંબઈ શહેરના માલવણી પો.સ્ટે.નો સંપર્ક કરી આગળની ધોરણસરની કાર્યવાહી કરેલ છે. તથા કીર્તિમંદિર પોલીસ સ્ટેશન નાં પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી સી.વી.નાયક સાહેબનાઓ દ્વારા કીર્તિમંદિર સર્વેલન્સ સ્કોર્ડના પો.સબ.ઇન્સ.શ્રી આર.કે.કાંબરીયા તથા સર્વેલન્સ સ્ટાફ તથા પો.સ્ટાફના માણસે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પી.સી.આર.ઈન્ચાર્જને માહિતી મળેલ રાજકોટ ખાતેથી ભાગીને આવેલ એક-કિશોરી તથા એક છોકરો હાલ વાલ્મીકી વાસ, રામજી મંદિર પાસે હોય જે હકિકત આધારે સર્વેલન્સ સ્ટાફને સાથે રાખી તપાસ કરતા જે હકિત આધારે તપાસ કરતા એક કિશોરી ઉ.વ.૧૪ વર્ષ તથા રાજ અશોકભાઈ પરમાર ઉ.વ.૧૮ રહે.તોપ ખાના મેલડી માતાના મંદિર વાળી ગલીમાં રાજકોટવાળા મળી આવતા જે બન્નેને કીર્તિમંદિર પો.સ્ટે.ખાતે લાવી તેની પુછપરછ કરતા બન્ને રાજકોટ ખાતેથી ભાગીને આવેલ હોવાની હકિકત જણાવતા બન્ને બાબતે તપાસ કરતા રાજાકોટ પ્ર.નગર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૦૮૦૪૪૨૩૦૬૨૪/૨૩ આઈ.પી.સી. ક.૩૬૩,૩૬૩ મુજબનો ગુનો નોંધાયેલ હોય જેથી રાજકોટ પ્ર.નગર પોલીસ સ્ટેશનને જાણ કરી રાજકોટ પોલીસને સોપી આપી ધોરણસરની કાર્યવાહી કરેલ છે. ભોગ બનનાર તથા આરોપીને શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરેલ છે.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરી:-**

(૧) તા.૦૧/૦૮/૨૦૨૩ ના રોજ મહીલા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા મહાદેવ મંદિરખાતે બાળાઓને મહિલા અત્યાચાર તેમજ જાતીય સતામણી મહિલાઓને મહિલા જાગ્રુતીકરણ અંગે, ૧૮૧ હેલ્પ લાઇન બાબતે,તેમજ ઈ-એફ.આઈ.આર અંગેની માહિતી આપી. તા.૦૨/૦૮/૨૦૨૩ ના રોજ મહીલા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા લેડી હોસ્પીટલની મુલાકાત લીધેલ તથા એસ.ટી. બસ સ્ટેન્ડ વિસ્તારમાં પેટ્રોલીંગ કરી મહીલા હેલ્પ લાઇન ૧૮૧ બાબતે તથા ઈ-એફ.આઈ.આર અંગેની માહિતી આપી. તા.૦૩/૦૮/૨૦૨૩ તથા તા.૦૪/૦૮/૨૦૨૩ ના રોજ મહીલા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા બસ સ્ટેન્ડ વિસ્તારમાં પેટ્રોલીંગ કરી સીનીયર સીટીજનોની મુલાકાત લીધેલ અને અને કોઈ મુશ્કેલી હોય તો તુરંત જ પોલીસનો સંપર્ક સાધવા અંગે સમજ કરેલ. તા.૦૫/૦૮/૨૦૨૩ તથા તા.૦૬/૦૮/૨૦૨૩ ના રોજ મહીલા પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા ચોપાટી, રીવરફ્રન્ટ તથા બસ સ્ટેન્ડ વિસ્તારમાં પેટ્રોલીંગ કરી સીનીયર સીટીજનની મુલાકાત લઈ પોલીસની મદદ લેવા અંગે સમજ કરેલ. તેમજ મહીલાઓની મુલાકાત લઈ ૧૮૧ હેલ્પલાઈન તથા શી ટીમની કામગીરી વિશે માહીતગાર કરેલ.

(૨) તા.૦૫/૦૮/૨૦૨૩ ના સવારે ક.૧૧/00 વાગ્યે કીર્તિમંદીર WULR સંતોકબેન વીરમભાઇ રાતીયા એ જે.વી.ગર્લ્સ સ્કુલની વિદ્યાર્થીનીઓને કીર્તિમંદીર પો.સ્ટે.ની મુલાકાત કરાવી કીર્તિમંદીર પો.સ્ટે.ના તમામ સ્ટાફ તેમજ તમામ ટેબલ-ઓફીસ ની કામગીરી વિશે સમજ કરી.

(૩) તા..૦૫/૦૮/૨૦૨૩ ના સુભાષનગર વિસ્તારમાં મહીલાઓને માર્ગદર્શન આપવામાં આવ્યુ તેમજ મુશ્કેલી હોય ૧૦૦ નંબર પર તથા ૧૮૧ પર જાણ કરવા જરૂરી માર્ગદર્શન આપેલ છે.

**મુદ્દા નંબર ૬:- અન્ય લોકહીતની બાબતો જે લોકોને તુરંત જ ધ્યાન પર આવે તેવી બાબતો :-**

(૧) મહિલા પોલીસ સ્ટેશનના તા.૦૧/૦૮/૨૦૨૩ ના રોજ પો.ઇન્સ. આર.એમ.રાઠોડ તથા પોલીસ સ્ટાફ દ્વારા લોહાણા સમાજની વંડી રાણાવાવ ખાતે નારી વંદન પખવાડીયુ કાર્યક્રમ તથા પો.સ.ઈ. કે.એમ.સૈયદ તથા સ્ટાફ દ્વારા ગોઢાણીયા કોલેજ ખાતે મહિલા જાગ્રુતીકરણ અંગે,૧૮૧ હેલ્પ લાઇન બાબતે, તેમજ ઈ-એફ.આઈ.આર અંગેની માહિતી આપી તથા સાયબર ફ્રોડ બાબતે તેમજ ઘરેલુ હિંસા, તેમજ છેડતી, મહિલા અત્યાચારને લગતી તમામ સમસ્યા અંગે કાયદાકીય માહિતી તેમજ કાનુની સહાય અને રક્ષણ

કેવી રીતે મેળવી શકાય તેમજ સાયબર ફ્રોડ તેમજ મોબાઈલમાં કોઈ અજાણી વ્યક્તિ હેરાન કરે, બ્લેકમેઈલિંગ કરે તો ગભરાવવાને બદલે તાત્કાલિક વડીલોને અથવા પોલીસને જાણ કરી દેવી જોઈએ તેમજ ઘરેલુ હિંસા તથા છેડતીના બનાવો બને ત્યારે ૧૮૧ મહિલા હેલ્પલાઇન તથા પોલીસનો સંપર્ક કરવા સમજ કરી તેમજ કાયદાકીય માહિતી, કાનુની સહાય અને રક્ષણ કઇ રીતે મેળવી શકાય જે બાબતની જાણકારી આપવામા આવી. તા.૦૨/૦૮/૨૦૨૩ ના રોજ PI શ્રી આર.એમ.રાઠોડ માર્ગદર્શન મુજબ મહિલા સબંધી ગુન્હાઓનુ પ્રમાણ ઘટાડવા અને ૧૮૧ હેલ્પ લાઇનનો ઉપયોગ કરવા અંગે પોલીસ સબ ઇન્સ્પેક્ટર કે.એમ.સૈયદ તથા મહિલા પોલીસ સ્ટાફને સુચના કરતા તેઓ દ્વારા લેડી હોસ્પીટલમા મહિલાઓની મુલાકાત લઇ મહિલાને જાગૃત કરી અવેરનેશ કાર્યક્રમ યોજવામા આવેલ તેમજ ૧૮૧ હેલ્પ લાઇન બાબતે તેમજ ઘરેલુ હિંસાના બનાવ, મહિલાઓની છેડતીના બનાવને લગતા કોઇ પ્રશ્નો હોય તો તાત્કાલીક પોલીસનો સંપર્ક સાધવાનું જણાવવામાં આવેલ તેમજ એસ.ટી.બસ સ્ટેન્ડ તેમજ સ્કુલ,કોલેજ વિસ્તારમા મહિલા પોલીસ દ્વારા પેટ્રોલીંગ કરી વિદ્યાર્થીઓને સાયબર ફ્રોડ, છેડતી તથા મહિલા/યુવતી ને અત્યાચારને લગતી તેમજ આવારા તત્વો દ્વારા થતી હેરાનગતી અંગેની તમામ સમસ્યા અંગે કાયદાકીય માહિતી તેમજ કાનુની સહાય અને રક્ષણ કેવી રીતે મેળવી શકાય તે બાબતે જાણકારી પુરી પાડવામાં આવી હતી. તેમજ મોબાઈલ ફ્રોનમાં કોઈ અજાણી વ્યક્તિ હેરાન કરે, બ્લેકમેઈલિંગ કરે તો ગભરાવવા ને બદલે તાત્કાલિક વડીલોને અથવા પોલીસને જાણ કરવા તેમજ ૧૮૧ ની મદદ લેવા જરૂરી માહિતી આપેલ. તા.03/૦૮/૨૦૨૩ ના રોજ બીરલા હોલ ખાતે નારી વંદન ઉજવણી કાર્યક્રમ નિમીતે રોજગાર અધીકારી શ્રી દિનેશભાઇ પરમાર તેમજ રોજગાર વિનીમય કચેરીના સ્ટાફ દ્વારા તેમજ મહિલા અને બાળ અધીકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે ખાસ રોજગાર મેળાનુ આયોજન થયેલ હોય. જેમા અન્ય પદાધીકારી હાજર રહેલ હતા. જેમા જીલ્લા પંચાયતના પ્રમુખ મંજુબેન કારાવદરા, ના.પો.અધિ. મુ.મ, શ્રી ઋતૂ રાબા તથા ૧૮૧ ની ટીમ, સખી વન સ્ટોપ સેન્ટરના કર્મચારીઓ, PBSC ના કર્મચારીઓ તેમજ નોકરી દાતાઓ તેમજ નોકરી ઇચ્છુક બહેનો મોટી સંખ્યામા રોજગાર મેળામા હાજર રહેલ હોય. જેમા આર.એમ.રાઠોડ પો.ઈન્સ. મહીલા પો.સ્ટે. દ્વારા મહિલા સબંધી ગુન્હાઓનુ પ્રમાણ ઘટાડવા અને ૧૮૧ હેલ્પ લાઇનનો ઉપયોગ કરવા અંગે તેમજ સાથો સાથ મહિલાઓને ઘરેલુ હિંસાના બનાવ,મહિલાઓની છેડતીના બનાવને લગતા કોઇ પ્રશ્નો હોય તો તાત્કાલીક પોલીસનો સંપર્ક સાધવાનું જણાવવામાં આવેલ અને સાયબર ફ્રોડ બાબતે તેમજ, છેડતી તથા મહિલા/યુવતીને અત્યાચારને લગતી તમામ સમસ્યા અંગે કાયદાકીય માહિતી તેમજ કાનુની સહાય અને રક્ષણ કેવી રીતે મેળવી શકાય તે બાબતે જાણકારી પુરી પાડવામા આવી હતી. તેમજ મોબાઈલ ફ્રોનમાં કોઈ અજાણી વ્યક્તિ હેરાન કરે, બ્લેકમેઈલિંગ કરે તો ગભરાવવાને બદલે તાત્કાલીક વડીલોને અથવા પોલીસને જાણ કરવા તેમજ સાયબર ફ્રોડ દરમ્યાન સાયબર પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા તેમજ મહિલા/યુવતીને અત્યાચારને લગતી તમામ સમસ્યા અંગે મહિલા પોલીસ સ્ટેશનની મદદ લેવા જરૂરી સુચના આપવામાં આવેલ.

તા.૦૫/૦૮/૨૦૨૩ ના રોજ શ્રી ગુરુ જ્યોતી સ્કુલ ધ્વારા "ફ્રેન્ડશીપ ડે ની ઉજવણી" પોલિસ મિત્રો સાથે કરવા સારુ મહિલા પોલીસ સ્ટેશને આવેલ જેઓ પોલીસ વિભાગને ફ્રેન્ડશીપ ડે એટલે કે મિત્રતા દિવસ છે તેની ઉજવણી શ્રી ગુરુ જ્યોતી સ્કુલ દ્વારા અનોખી રીતે કરવા માટે આવતા જેઓને આવકાર્યા અને તેઓની સ્કુલ દ્વારા લોકો સુધી મેસેજ પહોંચે તે સારુ અને પોલીસ સમાજના પરમ મિત્ર છે એટલે કે પોલીસ મિત્રોથી સામાન્ય રીતે બાળકો ડરતા હોય છે પરંતુ વાસ્તવમાં તે આપણા શત્રુ નહી પરંતુ પરમ મિત્રની લિસ્ટમાં આવે છે જેથી બાળકોમાં રહેલા આવા જ ડરને બાળપણથી દુર કરવા તેમજ બાળપણથી જ યોગ્ય માહિતી મળે તેવા ઉદેશ્યથી સ્કુલના સંચાલકો શ્રી નિકુંજભાઇ પંચામતીયા અને હીરાલીબેન પંચામતીયા દ્વારા ફ્રેન્ડશીપ ડે અંતર્ગત મહિલા પોલીસ સ્ટેશનની મુલાકાત માટે આવતા ને પોલીસ

સ્ટેશનમાં ચાઇલ્ડ કોર્નર વિશે તેમજ વિવિધ ટેબલોની માહિતી આપી તેમજ બાળકોને ગુડ ટચ બેડ ટચ વિશે માહિતગાર કર્યા નાના બાળકોને ઉસ્માભેર આવકાર્યા હતા. તા.૦૫/૦૮/૨૦૨૩ ના રોજ જીલ્લા પંચાયત હોલ ખાતે નારી વંદન ઉજવણી કાર્યક્રમ નિમીતે "મહિલા કર્મયોગીની ઉજવણી" સેમિનારમાં મહિલા અને બાળ અધિકારીશ્રી, દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારી, જીલ્લા પંચાયતના તથા તેમજ પોલિસ વિભાગના અધિકારી/કર્મચારીઓ, તથા આરોગ્ય વિભાગ ICDS, ડોકટરશ્રી કરમટાનાઓ, એડવોકેટ શ્રી રુપારેલિયાનાઓ તેમજ DHEW અને તેમની તાબાની વિવિધ વિભાગોનો સ્ટાફ હાજર રહેલ તેઓ સાથે સંકલન કરી "મહિલા કર્મયોગીની ઉજવણી" જીલ્લા પંચાયત હોલ ખાતે કરવામાં આવી જેમાં મહિલા પોસ્ટેના PI આર.એમ.રાઠોડ તથા PSI કે.એમ.સૈયદ ,કમલાબાગ પો.સ્ટે ના PSI-નીમાવત નાઓ તેમજ ૧૮૧ ની ટીમ તેમજ સખી વન સ્ટોપ સેન્ટરના કર્મચારીઓ, પોલીસ બેઇઝ્ડ સપોર્ટ સેન્ટર કર્મચારીઓ હાજર રહ્યા હતા. અને કામકાજ ના સ્થળે જાતિય સતામણી અટકાયત અધિનિયમ અંગેના સેમીનારનું આયોજન કરવામાં આવેલ જે કાર્યક્રમમાં ઉપરોક્ત પોલીસ અધિકારી દ્વારા મહિલાઓને જાતિય સતામણી અંગેના કાયદાની માહિતી તેમજ મહિલાઓને લગતી યોજનાઓ OSC, PBSC, VMK, 181 વિશે માહિતી આપવામાં આવેલ. તેમજ સાથો સાથ મહિલાઓને ઘરેલુ હિંસાના બનાવ, મહિલાઓની છેડતીના બનાવને લગતા કોઇ પ્રશ્નો હોય તો તાત્કાલીક પોલીસનો સંપર્ક સાધવાનું જણાવવામાં આવેલ અને સાયબર ફ્રોડ બાબતે તેમજ, છેડતી તથા મહિલા/યુવતીને અત્યાચારને લગતી તમામ સમસ્યા અંગે કાયદાકીય માહિતી તેમજ કાનુની સહાય અને રક્ષણ કેવી રીતે મેળવી શકાય તે બાબતે જાણકારી પુરી પાડવામાં આવી હતી. તેમજ મોબાઈલ ફોનમાં કોઈ અજાણી વ્યક્તિ હેરાન કરે, બ્લેક મેઈલિંગ કરે તો ગભરાવવાને બદલે તાત્કાલિક પોલીસને જાણ કરવા. તેમજ જાતિય સતામણી દરમ્યાન ડર રાખ્યા વગર મહિલા પોલીસ સ્ટેશનની મદદ લેવા જરૂરી માહિતી આપી અવેરનેશ અંગે કાર્યક્રમ માહિતિ આપવામાં આવેલ.

( ઋતુ રાબા )
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર